# અરવલ્લી જિલ્લામાં હોળી-ધૂળેટીના પર્વની રંગારંગ ઉજવણી

## મોડાસા સાકરીયા, માલપુરના અણીયોર, મેઘરજના બાંઠીવાડા ગામે લઠ્ઠમાર હોળી : જિલ્લામાં રંગોના પર્વમાં ભુલકાઓ સહિત યૌવન હિલોળે ચઢ્યું : જિલ્લામાં ઠેર ઠેર હોલિકા દહન : પ્રજાજનોએ દર્શન કર્યા

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં હોળી







પર્વની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણીમાં જિલ્લાના પ્રજાજનોએ રવિવારે વિવિધ વિસ્તારોમાં હોલીકાદહન મનાવી હતી. જિલ્લાના નવપરણિત યુગલ, હોળી પહેલા જન્મેલા બાળકો સહિત ભુલકાઓ, વડીલોએ હોળીના પાંચ ફેરા ફરી દર્શન કરી શ્રીફળ વધેરી, ધાણી, ખજૂરનો પ્રસાદ આરોગી લુપ્ત ઉઠાવ્યો હતો. સોમવારે રંગોના પર્વે ધુળેટીની રંગારંગ ઉજવણીમાં અબાલ વૃદ્ધ સહિત મહિલાઓએ ધૂળેટીની ઉજવણીનો અનેરો આનંદ લીધો હતો. જિલ્લાના અનેક વિસ્તારોમાં ધૂળેટીના પર્વ નિમિત્તે ઘેરૈયાઓએ વાતાવરણ રંગીન બનાવી દીધુ હતુ.

ફાગણવદ એકમ હોળીનો બીજા દિવસ ધૂળેટીની સમગ્ર જિલ્લાના મંદિરો સહિત પ્રજાજનોએ ધૂળેટીના પર્વને ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી કાળીયા ઠાકોરના મંદિરમાં ઉત્સવની ઉજવણીમાં ભક્તોએ શામળાજીને મથુરા અને વૃંદાવન બનાવી દીધુ હતુ. શામળાજી મંદિરમાં ભક્તો અને ભગવાન કાળિયાદેવના મંદિરના પૂજારીએ ચાંદીની પિચકારી વડે ભક્તો ઉપર કલરનો છંટકાવ કર્યો હતો. મંદિર પરિસરમાં અબિલ, ગુલાલ, કંકુ, કેસુડાના રંગ વડે ધૂળેટીની ઉજવણી કરી હતી. જિલ્લાના અનેક મંદિરોમાં ભક્તોએ મંદિર પરિસરમાં ધૂળેટીની ઉજવણી કરી હતી.

મોડાસા તાલુકાના સાકરીયા અને માલપુર તાલુકાના અણીયોર ગામે વર્ષોથી અને પેઢીઓથી પરંપરાગત રીતે ચાલી આવતી પ્રથા પ્રમાણે લઠ્ઠમાર હોળી ઉજવાઈ હતી. ધૂળેટીના દિવસે સાકરીયા અને અણીયોર ગામે આજુબાજુના ગામોના લોકો બપોરે ગામના મેદાનમાં એકઠા થઈ રાસ-ગરબાની રમઝટ જમાવી લાકડીઓ અને ખુલ્લી તલવારો, ધારીયા સાથે લઠ્ઠમાર હોળી રમી આનંદોત્સવ મનાવ્યો હતો. બન્ને ગામના લોકો અને યુવાનો લઠ્ઠમાર હોળી રમવા ફરજીયાત વતને આવી પહોંચે છે. ઉજવણી પૂર્ણ થતા છાસ અને ચણાનો પ્રસાદ આરોગી ઘેરૈયાઓ ઘર તરફ પ્રયાણ કરે છે.

# મોડાસામાં મૃત પશુઓના નિકાલમાં પાલિકાના ઠાગાઠૈયા

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રખડતા ભુંડોથી પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે. શહેરના માલપુર રોડ પર આવેલી રહેણાંક સોસાયટી અને મોચીવાસ નજીક ચાર દિવસ અગાઉ અચાનક ત્રણ જેટલા ભુંડે અગમ્ય કારણોસર મોતને ભેટતા સોસાયટીના નગરજનોએ નગરપાલિકાના સત્તાધીશ પક્ષના કોર્પોરેટરો અને નગરપાલિકા તંત્રને જાણ કરતા મૃત ભુંડના નિકાલ અંગે બેદરકારી દાખવતા અસહ્ય દુર્ગંધથી લોકો તોબા પોકારી ઉઠ્યા હતા. નગરપાલિકા તંત્રના સત્તાધીશોનો વારંવાર સંપર્ક કરવા છતા ભૂંડનો નિકાલ ન થતા સોસાયટીના રહીશોએ મૃત ભુંડનો જાતે નિકાલ કરવો પડ્યો હતો. મોડાસા નગરપાલિકાની નિષ્ક્રિય કામગીરીથી પ્રજાજનોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો હતો. છેવટે ચાર દિવસ બાદ નગરપાલિકા તંત્ર હરકતમાં આવી અન્ય જગ્યાએ પટેલ મૃતદેહના નિકાલની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા નગરપાલિકામાં ભાજપા સત્તાધીશ પક્ષમાં નગરમાં સ્વચ્છતા અભિયાનનુ સૂરસૂરીયુ જોવા મળી રહ્યુ છે. નગરપાલિકામાં સત્તા મેવવવા માટે ચૂંટણીના સમયે નગરજનોને તકલીફો દૂર કરવા મોટા મોટા વાયદાઓના જોરે જીત મેળવી લીધા પછી નગરજનોને પડતી મુશ્કેલીઓ સામે આંખ આડા કાન કરવામાં આવતા હોવાનું નગરજનોને અનેકવાર અનુભવ થઈ ગયા છે. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી ઓમનગર સોસાયટી નજીક અને મોચીવાસ આંગણવાડી પાછળ અગમ્ય કારણોસર મૃત્યુ પામેલા ભુંડ જોવા મળતા આ અંગે નગરપાલિકાના કોર્પોરેટરો અને નગરપાલિકા તંત્રને જાણ કરી હોવા છતાં ત્રણ દિવસ સુધી ભુંડના મૃતદેહનો નિકાલ ન કરાતા સમગ્ર વિસ્તારમાં માથુ ફાડી નાખે તેવી દુર્ગંધથી સોસાયટીના રહીશો તોબા પોકારી ઉઠી મૃત ભુંડનો નિકાલ જાતે કરવો પડતા રહીશોએ તેમને ખોબલે ખોબલા ભરી આપેલા મતથી વિજય બનેલા કોર્પોરેટરો સામે છૂપો રોષ જોવા મળી રહ્યો હતો. બીજીબાજુ મોચીવાસ આંગણવાડી નજીક પણ ભુંડના મૃતદેહનો નિકાલ ન થતા આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોના અભ્યાસ અને આરોગ્ય પર ગંભીર અસર થવાની ભીતી સેવાતા આ અંગે નગરજનોની વાચા આપવા ગાંધીનગર સમાચારના પત્રકારનું ધ્યાન દોરતા આ અંગે નગરપાલિકા ચીફ ઓફીસરને જાણ કરતા આંગણવાડી નજીક પડેલ ભુંડના મૃતદેહનો તાબડતોડ નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવી હતી.

# ગલતેશ્વર અંબર્ટો સિરામિકસ ઈન્ટરનેશનલ કંપની દ્વારા ક્રિકેટ મેચ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલતેશ્વર રોડઉપર આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી. કંપનીના સૌજન્યથી ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતુ.



ગલતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી.કંપનીના સૌજન્યથી કંપની ખાતે ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અધિકારીઓ, નગરપાલિકા કોર્પોરેટરો, જાયન્ટ્ સભ્યો, ડૉકટરો, વકીલો, પત્રકારો તથા અગ્રણીઓની ટીમ એ અને ટીમ બી બનાવી બન્ને ટીમ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઇ હતી જેમાં પહેલાં ટોસ જીતીને ટીમ બી દ્વારા બેટિંગ લઈને ૧૨૯ રન બનાવ્યા હતાં. જયારે બીજા દાવમાં ટીમ એ દ્વારા ૧૩૦ રન બનાવી દેતા તેવો જીતી ગયા હતાં જયારે આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રાંતિજ પાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ તથા કંપનીના ડાયરેકટર સુનીલ.કે.મલેશા દ્વારા વિજય થયેલ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જયારે સમગ્ર ક્રિકેટ મેચ છેલ્લી ઓવર સુધી રોમાંચક રહી હતી જયારે ખેલાડીઓએ ઘણા સમય પછી ક્રિકેટ મેચ રમતાં આનંદ છવાયો હતો. અને કંપનીનો આભાર પણ માણ્યો હતો. જયારે સમગ્ર ક્રિકેટ મેચનું સફળ આયોજન આર.કે. દાસ હેડ, એચ. આર તથા વિશ્વેશ્વર ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

## આ પણ વાંચીએ...

### ● બટન દબાવતા જ જેકેટ કરાવે છે ઠંડકનો અહેસાસ

ઉનાળાની ઋતુ હવે આવી ચુકી છે. ભયંકર ગરમીનો સામનો કરવા માટે હમણાં જ એક એવુ જેકેટ લોન્ચ કરવામાં આવ્યુ છે કે ઉનાળાની ઋતુમાં ઠંડકનો અહેસાસ કરાવશે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ રાજ્યમંત્રી ગિરિરાજસિંહે આ સ્પેશ્યલ જેકેટ બિહારના નવાડામાં પોતાના સંસદીય ક્ષેત્રમાં લોન્ચ કર્યું. આ જેકેટમાં આવેલ લાલ બટન દબાવવાથી ગરમી પેદા થાય છે અને લીલુ બટન દબાવવાથી ઠંડક પેદા થાય છે. આ જેકેટમાં બેટરી સંચાલિત હોટ અને કોલ્ડ ફેન લગાવવામાં આવ્યા છે.



### ● લગ્ન બન્યા ખાસ જ્યારે સામેલ થયા આ મહેમાન

લગ્નને યાદગાર બનાવવા માટે લોકો જાતભાતના આયોજન કરે છે. અનોખા લગ્નો પણ ખુબ યોજાય છે. તાજેતરમાં યોજાયેલા એક લગ્નમાં પેંગ્વિનની જોડી સામેલ થઈ. દુલ્હનની પાલતુ આ પેંગ્વિનની જોડી ચર્ચમાં યોજાઈ રહેલા લગ્નમાં સામેલ થતાં જ મહેમાનો ખુશખુશાલ થઈ ગયા હતા.



### ● અંબાણી-બચ્ચન ગુજરાતીના તબેલાનુ દૂધ પીવે છે

પૂણે પાસેના પ્રાઈડ ઓફ કાઉ મીલ્ક ફાર્મના ગુજરાતી માલિક દેવેન્દ્ર શાહ ૧૯૯૦માં કાપડનો બિઝનેસ છોડી ડેરી બિઝનેસમાં જોડાયા હતા. તેમના ૨૬ એકર વિસ્તારમાં ફેલાયેલા ફાર્મમાં ૪ હજારથી વધુ ગાયો રાખવામાં આવી છે. ગાયોને દોહવાથી માંડીને બોટલ પેકેજીંગ સુધીની તમામ પ્રોસેસ અહી ઓટોમેટીક થાય છે. તેમના ફાર્મનું દૂધ અંબાણી પરિવાર, ગોદરેજ પરિવાર, અમિતાભ બચ્ચન, સચિન તેંડુંલકર સહિતના અનેક સેલિબ્રિટીઓને પહોંચાડવામાં આવે છે.



# સાબરમતિ ટોલનાકા પાસે એસ.ટી.ની ટક્કરમાં રાહદારીનું કરૂણ મોત

અમદાવાદ, તા.૧૪

શહેરના સાબરમતી ટોલનાકા પાસે ગત શનિવારના રોજ એસ ટી બસના ચાલક ડ્રાઈવર દ્વારા બસ બેદરકારીપૂર્વક હંકારીને એકને અડફેટમાં લેતા આ બનાવમાં ગંભીર રીતે ઈજા ગ્રસ્ત બનેલા રાહદારીનું સારવાર દરમ્યાન મોત નિપજવા પામ્યું છે.આ અંગે મળતી માહીતી અનુસાર,ગત શનિવારના રોજ શહેરના સાબરમતી ટોલનાકા પાસે પોતાની સાસરીમાં જવા નીકળેલા મહેશભાઈ ગુણવંતરાય પંડિત રાત્રીના આઠના સુમારે બસમાંથી નીચે ઉતર્યા હતા.આજ સમયે આ સ્થળે મેટ્રોની કામગીરી ચાલી રહી હોઈ અને રસ્તો સાંકડો બની ગયેલો હોઈ મહેશભાઈ રસ્તા ઉપર આગળ વધ્યા તે જ સમયે એસ ટી બસના ચાલક ડ્રાઈવરે બસને બેદરકારીપૂર્વક હંકારતા તેઓ બસની સાથે ઘસડાયા હતા.જ્યાં તેમને ગંભીર ઈજા પહોંચવા પામી હતી.આ તરફ બનાવના પગલે સ્થાનિકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા.જયારે ઈજાગર્સ્ત એવા મહેશભાઈને સારવાર માટે વી એસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત થવા પામ્યું હતું.આ બનાવ મામલે ફરીયાદી ભાવેશભાઈ ભાલચંદ્રભાઈ વ્યાસ,રહે,ડી કેબીન,સાબરમતીની ફરીયાદના આધારે સાબરમતી પોલીસે બસ ડ્રાઈવર વિરૂધ્ધ ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બોર્ડની પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૮૫ શાળામાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં પણ જિલ્લામાંથી ૧૫૧૯૦ વિદ્યાર્થીઓ બેસશે. સામાન્ય પ્રવાહ માટે ૧૨ કેન્દ્રો નિયત કરાયા છે. જયારે ૪૩ શાળામાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા નિયત કરાઈ છે. આ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહમાં ૪ કેન્દ્રો અને ૨૭ શાળામાં બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાંથી ૬૧૭૬ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપશે. જિલ્લા શિક્ષણતંત્ર અને શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાલક્ષી જરૂરી તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવાયો છે. જયારે પરીક્ષાર્થીઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે હેલ્પલાઈન પણ કાર્યરત કરવામાં આવી છે. સમગ્ર વર્ષની મહેનતના નિચોડ સમાન બોર્ડ કસોટીમાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પ્રત્યેક વર્ગ ખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ રાખવામાં આવી છે. આ ઉપરાંત બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્રો પર વર્ગ-૧ ના અધિકારીઓ પણ સ્કોવોર્ડ તરીકે રાઉન્ડ લેશે. પરીક્ષા દરમિયાન પરીક્ષા બિલ્ડીંગોમાં વિદ્યાર્થીઓ માટે ઠંડા પાણી તેમજ ફર્સ્ટ એઈડ કીટની વ્યવસ્થા રાખવામાં આવશે. આ ઉપરાંત પરીક્ષા સેન્ટરો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા પણ સુચના આપવામાં આવી છે. જયારે પરીક્ષા શાંતિ અને હળવાશના વાતાવરણમાં સંપન્ન થાય તે માટે પરીક્ષાને અનુલક્ષી પુરતા સલામતી બન્દોબસ્તની સાથે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેની પણ પુરતી તકેદારી રાખવામાં આવી છે. ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે બપોરે ૩ કલાકે ભૌતિક વિજ્ઞાન વિષયની કસોટી લેવાશે. ધોરણ -૧૦ માં સવારે ૧૦ કલાકે ગુજરાતીની પ્રથમ પરીક્ષા આપશે. જયારે સામાન્ય પ્રવાહમાં સહકાર પંચાયત વિષયની કસોટી આપશે. બોર્ડની પરીક્ષાની આખરે શરૂઆત થતા વિદ્યાર્થીઓ અને વાલીઓની વર્ષભરની ઈન્તેજારીનો અંત આવી ગયો છે.

## નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

ટપાલ લાવવા અને લઈ જવા માટે સરકારમાં હલકારા, ચોથા વર્ગના કર્મચારી, મેસેન્જર, ઓર્ડલી વગેરે પણ હોય છે. જે ટપાલને એક જગ્યાએથી બીજી જગ્યો લઈ જાય છે. કયારેક કવરમાં ખતરનાક પત્રો પણ હોયછે. જે મળતાં સરકારી અધિકારીઓનો હોંશકોશ ઉડી જાય છે. ઘણી વખત એક પત્રથી સરકાર બને કે તૂટી જાય તેવાં પણ ઘણાં ઉદાહરણો છે.

જેથી ટપાલીનો મહિમા અપરંપાર છે. ટપાલ વ્યવસ્થાની સૌથી મજબૂત કડી પોસ્ટમેન છે. છતાં કદાચ સૌથી ઉપેક્ષિત પણ, પ્રેમ પત્ર હોય કે ફારગતિનો પત્ર ટપાલીએ તો પહોંચાડવો જ પડે છે. મારા ઘરનાં ને મની ઓર્ડરને ઈંત્તેજાર હોય છે અને મને મારી છપાયેલી રચનાની પ્રતનો, નસીબ અપના અપના.

ટપાલીઓની ચર્ચા અધુરી જ રહી જાય. જો હું પેલા સહૃદય ટપાલીની વાત ન કરું તો. જે જંગલમાં બનેલ મારા મકાન સુધી મને ટપાલ પહોંચાડતો. તેણે મને મારી નિયુક્તિ અને મારી પ્રથમ રચનાના પ્રકાશનની ટપાલ પહોંચાડેલી. ખરેખર લેખકનો સાચો મિત્ર તો ટપાલી જ હોય છે. 'ડાકીયા ડાક લાયા' ગીત એટલે જ કવિએ તેના માટે લખ્યું હશે. હવે મારા આ સંશોધન લેખને પુરો કરવાની અનુમતિ આપો. કેમ કે ટપાલી હમણાં જ તાજી ટપાલ નાંખી ગયો છે.

## પારિકરની શપથવિધિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અપક્ષ ધારાસભ્ય રોહન ખવંટેએ પણ શપથ લીધા હતા. એમજીપીના મનોહર બાબુએ પણ શપથ લીધા હતા. એમજીપીના જ મનોહર અજગાંવકરે પણ શપથ લીધા હતા. તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. એમજીપીના સુદીમ ધવલકરે પણ મંત્રીપદના શપથ લીધા હતા. જીએફપીના વિજય સરદેસાઈએ પણ મંત્રી તરીકે શપથ લીધા હતા. શપથ ગ્રહણ કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ અમિત શાહ ઉપસ્થિત રહ્યા હતા. ગોવામાં ચોથી વખત મનોહર પારીકર મુખ્યમંત્રી તરીકે સત્તારુઢ થયા છે. બીજી બાજુ આને લઈને ધાંધલ ધમાલ વચ્ચે નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું હતુ કે, કોંગ્રેસે પોતાના વિધાનસભા પક્ષના નેતાની પસંદગી કરી ન હતી. રાજ્યપાલ સમક્ષ સરકાર રચવાનો દાવો પણ કર્યો ન હતો. ગોવામાં સરકાર બનાવવાના મુદ્દે જેટલીએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટનો આદેશ બિલકુલ યોગ્ય રહ્યો છે. ભાજપને વિશ્વાસ છે કે, તે બહુમતિ મેળવી લેશે. મનોહર પારીકરને હાલમાં જ ગોવાના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળવા માટે કહેવામાં આવ્યા બાદથી આને લઈને અટકળો ચાલી રહી હતી. પારીકરે કેન્દ્રીય સંરક્ષણમંત્રી તરીકે રાજીનામુ આપી દીધુંછે. છેલ્લા કેટલાક દિવસથી પારીકરને લઈને ચર્ચા હતી. પારીકરના રાજીનામા બાદ તેમની જવાબદારી હવે હાલમાં અરુણ જેટલીએ સંભાળી લીધી છે. અરુણ જેટલીને સંરક્ષણ મંત્રાલયનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. આ અગાઉ ૨૦૧૪માં પણ છ મહિના સુધી તેમની પાસે બે ખાતા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સલાહ ઉપર સંરક્ષણમંત્રીના હોદ્દાથી મનોહર પારીકરના રાજીનામાને રાષ્ટ્રપતિ ભવન દ્વારા સ્વિકારી લેવામાં આવ્યો હતો.

## શેરબજારમાં તેજી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો અને તેની સપાટી ૯૧૨૨ નોંધાઈ હતી. ચોથી માર્ચ ૨૦૧૫ના દિવસે નિફ્ટી ૯૧૧૯ સુધી પહોંચ્યો હતો જે હજુ સુધીની તેની સૌથી મોટી સપાટી હતી. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન સેંસેક્સ ૬૧૫ પોઈન્ટ સુધી ઉછળી ગયો હતો અને એક વખતે એવું લાગી રહ્યું હતુ કે, આજે નવા રેકોર્ડ સર્જાશે પરંતુ કારોબારના અંતે સેંસેક્સ ૪૯૬ પોઈન્ટ સુધરીને ૨૯૪૪૩ અને નિફ્ટી ૧૫૨ પોઈન્ટ ઉછળીને ૯૦૮૭ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૧.૪ અને ૧.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો. માર્કેટમાં એકંદરે તેજી રહી હતી. કુલ ૧૬૮૯ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૧૩૫ શેરમાં મંદી રહી હતી. કુલ ૨૨૪ શેરમાં યથાસ્થિતિ રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી બેંકમાં ૨૧૦૦૦થી ઉપરની સપાટી જોવા મળી હતી તેમાં બે ટકાનો ઉછાળો નોંધાયો હતો. આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં છ ટકાથી વધુનો ઉછાળો, યશ બેંકના શેરમાં ત્રણ ટકાનો ઉછાળો નોંધાયો હતો. અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં ૩.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. આજે વૈશ્વિક પરિબળો શેરબજારમાં તેજી માટે જવાબદાર રહ્યા હતા. એશિયન બજારમાં જોરદાર ઉતારચઢાવની સ્થિતિ રહી હતી.

## બોર્ડર કારોબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેના પરિણામ સ્વરુપે ભારત સરકારે કઠોર પગલારુપે આ નિર્ણય લીધો છે. ચાકનદાબાગ ખાતે ટ્રેડ સેન્ટરને પણ સોમવારના દિવસે નુકસા નથયું હતું. જેના પરિણામ સ્વરુપે બસ સેવા પણ બંધ કરવામાં આવી છે. સત્તાવાર પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, અંકુશરેખા નજીકની સ્કૂલોને સાવચેતીના પગલારુપે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બીજી બાજુ પાકિસ્તાન દ્વારા ત્રાસવાદીઓ સામે પણ દેખાવા પુરતા પગલા લીધા હોવાના અહેવાલ વૈશ્વિક સ્તરે આવી રહ્યા છે. ઉપરાંત સરહદ ઉપર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર પણ જારી રખાયો છે જેના લીધે અંતે ક્રોસ બોર્ડર કારોબારને રોકવાનો નિર્ણય ભારત સરકારે કર્યો છે.

## સંગઠનમાં ફેરફાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ કર્યા હતા. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે, એકબાજુ ભાજપે પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં મતદારોમાં ધ્રુવીકરણ કરાવવામાં ભૂમિકા ભજવી છે. ગોવા અને મણિપુરમાં જનમતને ચોરી કરવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. નાણાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં પરિણામ ઉપર જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, અમે વિપક્ષમાં છીએ. ઉતારચઢાવ આવતા રહે છે. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં પાર્ટીનો દેખાવ ચોક્કસપણે કંગાળ રહ્યો છે. કોંગ્રેસ સંગઠનને લઈને પાર્ટીની અંદર ઉઠી રહેલા અવાજ વચ્ચે રાહુલે કહ્યું હતું કે, અમને સંગઠનમાં મોટાપાયે ફેરફાર કરવા જ પડશે. રાહુલ ગાંધીએ પંજાબમાં મળેલી સફળતાની પણ વાત કરી હતી અને કહ્યું હતું કે, પાંચ રાજ્યોમાં અમે ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. પંજાબમાં સરકાર બનાવવામાં સફળ રહ્યા છીએ. ગોવા અને મણિપુરમાં પણ અમારી જીત થઈ છે. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં પાર્ટીની હારને લઈને તેમણે કહ્યું હતું કે, અમે ભાજપની વિચારધારાની સામે લડતા રહીશું.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રકમ મંજુર કરવામાં આવી ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે આ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં ૯ ,કલોલમાં ૨ અને માણસામાં ૩ ગ્રામ પંચાયતો જર્જરિત હાલતમાં છે. જયારે છેલ્લા એક વર્ષમાં ૨૨ પંચાયત ઘરોની મરામત માટે મંજુરી આપવામાં આવી છે. જેમાં યુનિટ દિઠ મહત્તમ ૫ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. અલબત્ત ૨૨ ગ્રામ પંચાયતોના ઘરોની મરામત માટે રૂ ૧.૧૦ કરોડની રકમ મંજુર કરવામાં આવી છે.

### ધિરાણ મેળવતા કુટિર ઉદ્યોગોને ૨.૭૭ કરોડની સબસીડી

ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય કૃત બેંકોમાંથી ધિરાણ મેળવવા કુટિર ઉદ્યોગને છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની સબસીડી આપવામાં આવી દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડના આ પ્રશ્નના લેખિત જવાબમાં ઉદ્યોગ મંત્રીના જણાંવ્યા મુજબ બે વર્ષમાં ૨૭૭.૫૬ લાખની ગ્રાન્ટ આપવામાં આવી છે. જયારે પેટા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાંવ્યા મુજબ આ અન્વયે ૮૨૨ લાભાર્થીઓને સબસીડી ચુકવવાની બાકી છે. જયારે સબસીડીની ચુકવણી માટેના નિયમોનુસાર અગ્રતાના ક્રમે સબસીડીની ચુકવણી કરવામાં આવશે.

### ખેતીમાં જુની શરત માટે ૫૨ અરજીઓ પૈકી ૬ ને જ મંજુરી

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખેતીમાં જુની શરતમાં ફેરવવા માટે કેટલી અરજીઓ સરકારને મળી છે ? કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે રજુ કરેલા આ પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં તાલુકાવાર કુલ ૫૨ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૬ ને મંજુરી આપવામાં આવી છે. જયારે ૨૬ અરજીઓને નામંજુર રાખવામાં આવી છે. જયારે ૨૦ પડતર છે. ખેતીમાં જુની શરત માટેની મહત્તમ ૧૦૧ અરજીઓ ગાંધીનગર જિલ્લામાંથી મળી છે. જયારે આ પૈકી ૫૩ અરજીઓને મંજુરી આપવામાં આવી નથી. આ ઉપરાંત ૧૭ અરજીઓ પડતર છે. અરજીઓને મંજુરી આપવાનુ કામ વહીવટી પ્રક્રીયા હેઠળ છે.

### પ્રિમીયમ વસુલી જમીનોના ૩૦ કિસ્સામાં બિનખેતીના હુકમો કરાયા

જિલ્લામાં બિનખેતી અને બિનખેતી પ્રિમિયમ ભરવા માટે કેટલી અરજીઓ મળી તેવા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યાં મુજબ બિનખેતી પરવાનગી માટે છેલ્લા બે વર્ષમાં ૧૪૩૨ અરજીઓ મળી છે. જયારે બિનખેતી પ્રિમિયમ ભરવા માટે ૨૭૦ અરજીઓ મળી છે. જયારે બિનખેતી માટેના હુકમો ૫૪૫ કિસ્સામાં કરાયા છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પેટા પ્રશ્નના ઉત્તરમાં લેખિતમાં વર્ણવેલા જવાબમાં જણાવ્યા મુજબ આ અન્વેય ૬૦ કિસ્સામાં પ્રિમીયમ ભરવામાં આવ્યું છે. જયારે પ્રિમીયમ ભરવામાં આવ્યુ હોય તેવા ૩૦ કેસમાં જમીનને બિનખેતી કરવા માટેના હુકમ કરાયા છે. જયારે ૧૯ કિસ્સામાં પેન્ડીંગ છે.

### વાજબી ભાવની દુકાનોમાં ગેરરીતી બદલ ૮ ના પરવાના મોકુફ ૨.૪૨ લાખનો દંડ

ગાંધીનગર જિલ્લામાં વાજબી ભાવની ૬૬ દુકાનોમાં છેલ્લા એક વર્ષ દરમિયાન તપાસ કરવામાં આવી છે. જયારે આ પૈકી ૫૮ દુકાનોમાં જુદા જુદા પ્રકારની ગેરીરીતી જોવા મળી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના ઉત્તરમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લાની ૫૮ દુકાનોમાં વિવિધ ૮ પ્રકારની ગેરરીતીઓ સામે આવી છે. જેમાં દુકાનોમાં ભાવ જથ્થા પ્રમાણે બોર્ડમાં વિગતો દર્શાવામાં આવી ન હોય, કામકાજના તેમજ રજાના દિવસો બોર્ડ પર દર્શાવેલ ન હોય ,ઈલેક્ટ્રોનિક વજનકાંટા રીન્યુ કરાવ્યા ન હોય તેવા કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા હતા. આ ઉપરાંત ફરિયાદ પેટી કે વિઝિટ બુક ન રાખવાની સાથે આવશ્યક ચીજવસ્તુઓના નમુના ગ્રાહકો જોઈ શકે તેમ રાખવામાં આવ્યા ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. કેટલાક ઠેકાણે તોલમાપ પ્રમાણપત્રો રજુ કરેલા ન હોવાની સાથે જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવતો ન હોવાનુ પણ માલુમ પડયુ હતુ. ગેરરીતી બદલ ૮ પરવાના મોકુફ કરી રૂ ૨,૪૨,૭૪૦નો દંડ પણ કરવામાં આવ્યો હોવાનુ તેમણે જણાંવ્યુ હતુ.

### ગરીબ કલ્યાણ મેળામાં ૧૪.૨૭ કરોડની સહાય ચુકવાઇ

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમિયાન યોજાયેલા એક ગરીબ કલ્યાણ મેળામાં કુલ કેટલા લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવી તેવા પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ જણાંવ્યુ હતુ કે કુલ ૯૯૮૦ લાભાર્થીઓને ૧૪૨૭.૨૬ લાખની સહાય ચુકવવામાં આવી છે.